નમસ્કાર ગાંધીનગર

પમરાટ

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત...
ગુજરાત મોરી મોરી રે...
ગુજરાત મોરી મોરી રે.

- ઉમાશંકર જોશી

પાથેય

- રમેશ ઠક્કર

અભિનંદન ગુજરાતને...

આજે ગુજરાતનો બાસઠમો જન્મદિવસ છે..છ દાયકાની એની સફર રોમાંચક જ નહીં યાદગાર પણ છે.બૃહદ મુંબઈ રાજ્યમાંથી એ અલગ પડયું ત્યારે ગુજરાતી ભાષા બોલતા અન્ય પ્રદેશો સૌરાષ્ટ્ર અને કચ્છ પણ એની સાથે ભળ્યા..અને જે ત્રિદલ રચાયું એ ગૌરવશાળી ગુજરાત..મુળ મુંબઈ રાજ્યમાં પણ ગુજરાતીઓનો દબદબો જબરજસ્ત હતો..ભાષાવાર રાજયોની રચના થતાં 'મહા ગુજરાત' આંદોલન થયું..સમગ્ર ગુજરાતી પ્રજામાં એક ચેતનાનો સંચાર થયો...ઈન્દુલાલ યાજ્ઞિક જેને લોકો હુલામણા નામ 'ઈંદુચાચા' તરીકે ઓળખતા હતા. એમણે ગુજરાતની આ માગણી અને લાગણીને અડગ લિડરશીપ આપી.અને એ રીતે રચાયું ગુજરાત...!

એક પ્રદેશ તરીકે તો ગુજરાત ભારતના નકશામાં સદાય અંકિત રહયું છે..કયારેક એની સીમાઓ માળવા સુધી તો ક્યારેક મારવાડ અને માઉન્ટ આબુ સુધી એમ વિસ્તરતી રહી છે..ચક્રવર્તી ગૂર્જરો અને એના પરાક્રમી શાસકો દ્વારા ગૂર્જરાત' વિસ્તરતું રહ્યું જે ક્રમશઃ ગુજરાત નામનો ભૌગોલિક પ્રદેશ બન્યો..ભારતના રાષ્ટ્રગીતમાં પણ ગુજરાતનો ઉલ્લેખ બહુ ગૌરવશાળી રીતે થાય છે..ગુજરાત એ ફકત એક ભૌગોલિક આકાર નથી..સાચું ગુજરાત એની સાહસિકતામાં છે..વેપાર વણજની એની સૂઝમાં છે..દરિયાઈ સફરોમાં છે..સંતો અને ભકતોની પાવન ધારાઓમાં છે...ખેતી અને પશુપાલનના હૂન્નરમાં છે..એના ઔદ્યોગિક વિકાસમાં છે..ડેરી ક્ષેત્રે કરેલી શ્વેતક્રાંતિમાં છે..સંત સરવાણીઓમાં છે..સદાવ્રતોમાં છે..કવિઓ અને લેખકોની સંવેદનાઓમાં છે..ગુજરાત એક ભાવનાત્મક જગત પણ છે.જે જગતભરમાં ફેલાયેલા ગુજરાતીઓને એક તાંતણે બાંધી રાખે છે.

નરસિંહ મહેતા એ ગાયેલું 'વૈષ્ણવજન' ભજન એ એની આંતરિક ઓળખ જેવું છે..પરાઈ પીડ જાણવાની એની અભિલાષા મહાત્મા ગાંધીને દરિદ્રનારાયણ માટેની અનુકંપા સુધી લઈ જાય છે..આજની ગુજરાતી ભાષાની ઉંમર એક હજાર વરસની છે..નરસિંહ મહેતાએ એને એક ચોક્કસ આકાર આપ્યો...નરસિંહનાં પ્રભાતિયાં એ ગુજરાતની સિગ્નેચર ટયૂન કહી શકાય..ગુજરાતી ભાષાને જોશ આપ્યું નર્મદ નામના વિર કવિએ..એણે 'જય જય ગરવી ગુજરાત' જેવું ગૌરવગાન લખી,એક ભવ્ય પ્રભાતની છડી પોકારી હતી. સિધ્ધરાજ જયસિંહના સમયને ગુજરાતનો સુવર્ણકાળ કહેવાય છે. એવો સમય સતત ગુજરાતમાં ઝળહળતો રહે એવી એને આશા હતી. નર્મદ એ ગુજરાતનું જોમ હતો..જૂસ્સો હતો..સુધારાનો છડીદાર હતો. પ્રેમાનંદનાં આખ્યાનો અને માણસ ઉપર થતું ગૌરવગાન ગુજરાતી ભાષાને ઓજસ આપવામાં ઐતિહાસિક હતું. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની દેશસેવા ગુજરાતને ટોચ ઉપર લઈ ગઈ..ગાંધીયુગના કવિ ઉમાશંકર જોશીએ યથાર્થ રીતે ગાયું છે કે... મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત...

એક જમાનો હતો કે દરિયાઈ સાહસો અને સમુદ્રની સફરમાં ગુજરાતી લોકોનો દબદબો હતો..વાસ્કોડી ગામાએ જે દરિયાઈ શોધો કરી એમાં આપણા ખારવાઓ અને ટંડેલની ભૂમિકા નિર્ણાયક હતી.

અનુસંધાન પાના નં. ૭ પર

દીસે લીલુંછમ્મ પ્રભાત...

ગુજરાત વિશે કાવ્ય લખવા બેઠા હશે ત્યારે કલમને ખોળે બેઠેલા વીર નર્મદને ભાગ્યે જ એવી કલ્પના સ્ફુરી હશે કે પોતે એક વિશિષ્ટ અને પ્રશિષ્ટ 'રાજયગીત' લખી રહ્યાં છે. ગુજરાત વિશે એ પછી પણ ઘણાં ગીતો અને કાવ્યો રચાયાં છે. પરંતુ 'જય જય ગરવી ગુજરાત' અણનમ રહ્યું છે અને ગુજરાતના શાસન-પ્રશાસનથી લઈ છેવાડા માનવીના કંઠે કોળી ઊઠયું છે. 'ગુજરાત'ને કવિએ સ્ત્રીલિંગ શબ્દ ગણી વિશેષ સૌંદર્ય બક્ષ્યું છે. એ 'ગરવી' છે અને નરવી પણ છે. એની ચારે દિશાએ દેવ-દેવીઓનાં રૂડાં રખોપાં છે. નર્મદે ફક્ત એ દેવસ્થાનોના ઉલ્લેખથી સંતોષ નથી માન્યો. એણે એનું ધાર્મિક, સાંસ્કૃતિક અને કદાચ રાજકીય ભવિષ્ય પણ ભાખી લીધું છે.

ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને
પ્રેમભક્તિની રીત!

-આ 'કસુંબી ધ્વજ' એ જ શું આજે અત્ર તત્ર સર્વત્ર, ગુજરાતમાં જ નહીં, ગુજરાતની બહાર પણ ફરકતો કેસરિયો હશે ? નર્મદે 'જન ઘૂમે નર્મદા સાથ' કહી પોતાના નામ વાળી જ ગુજરાતની જીવાદોરી સમી નર્મદાનો પણ ઉલ્લેખ કરી દીધો હોય એવું નથી લાગતું ? સાંસ્કૃતિક સંદર્ભે ત્યાગ અને તિતિક્ષાનો રંગ ભગવો હોઈ શકે; પરંતુ સમૃદ્ધિ તો લીલાંછમ્મ ખેતરોમાં લચી પડતો મોલ જ આણી શકે એવો ખેતી આધારિત એ નર્મદનો જમાનો હતો. સુરતને 'સોનાની મૂરત' તરીકે ઓળખાવી એની બેહાલી પર આંસુ સારતા તત્કાલીન સુરતનું આગવું - પ્રતિનિધિ 'કયારેકટર' કે એના અનુગામી કવિગણ આજે એની મુલાકાતે આવે તો કેવું ફીલ કરે ? સુરત વિશ્વનું સૌથી વધુ ઝડપે વિકસતું નગર બની રહ્યું છે. ગુજરાત વર્તમાન શાસન માટે અને શાસક પક્ષ માટે 'પ્રયોગશાળા' બની ગયું છે. ખુદ શાસક પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતમાં આવીને એનું સર્ટિફિકેટ આપી ગયા છે. ગુજરાતને ગૌરવવંતુ બનાવવામાં અલબત્ત માત્ર રાજકીય જમાતનો જ ફાળો નથી. ગુજરાતે દેશને એના પ્રથમ ઉદ્યોગપતિ જમશેદજી નસરવાનજી ટાટા આપ્યા છે. ગુજરાતે રાષ્ટ્રને હેમચંદ્રાચાર્યથી લઈ દયાનંદ, પ્રમુખ સ્વામી, સચ્ચિદાનંદ કે મોરારિ બાપુ જેવા સંતો આપ્યા છે. ગુજરાતમાં જ સિંધુ ખીણની આર્યોના આગમન પૂર્વેની દ્રવિડ સંસ્કૃતિ ખીલી હતી.ગુજરાતમાં બૌદ્ધ અને જૈન દર્શન વિકસ્યાં. વડનગરની ભૂમિ નીચેથી ચીની મુસાફર હ્યુ-એન-સાંગનાં પગલાં મળી રહ્યાં છે ! હોમી ભાભા અને વિક્રમ સારાભાઈએ દેશને અણુશક્તિ અને અંતરિક્ષની પીઠિકા પૂરી પાડી હતી. ગુજરાતે જ ગાંધી અને સરદાર આપ્યા જેમણે સ્વાતંત્ર્ય ચળવળનું સફળ નેતૃત્વ કર્યું હતું. રવિશંકર મહારાજ સાથે ખોળિયું બદલવાની ઈચ્છા રાખતા મહાત્મા ગાંધીને એ ઉઘાડપગો બ્રાહ્મણ કેવો મહાન લાગ્યો હશે ! ગુજરાતે મોરારજી દેસાઈ અને નરેન્દ્ર મોદી જેવું રાષ્ટ્રીય નેતૃત્વ આપ્યું છે. ઈંદુ ચાચાને પમ કેમ ભૂલીએ ? એમણે જ ગુજરાતને મહાગુજરાતનું બિરુદ અપાવ્યું. ગુજરાતે જ કસ્તુરભાઈ લાલભાઈ અને સારાભાઈ પરિવારથી શરૂ કરેલી મહાજન પરંપરામાં શૂન્યમાંથી સર્જન કરનારા ધીરુભાઈ અંબાણી, કરસનભાઈ પટેલ અને ગૌતમ અદામી પેદા કર્યા છે. ફળદ્રુપ છે ગુજરાતની આ રત્નગર્ભા ધરતી. એમાં પ્રેમાનંદ, ગોવર્ધનરામ, મેઘાણી અને ઉમાશંકર-સુંદરમ્થી લઈ પન્નાલાલ અને જોસેફ મેકવાન જેવા સર્જકો પાક્યા છે. ગુજરાત સ્થાપના દિને આઝાદીના અમૃતપર્વે ગુજરાત સાહિત્ય અકાદમી ગરવા ગુજરાતીઓ વિશેની પંચોત્તેર પૈકીની પચ્ચીસ પુસ્તિકાઓ પ્રગટ કરી રહી છે. જય જય ગરવી ગુજરાત. ગુજરાત ઝિંદાબાદ !

તંત્રીસ્થાનેથી...

આજે ગરવી ગુજરાતનો જન્મ દિવસ છે...

ગુજરાત માટે કનૈયાલાલ મુનશીએ લખ્યું છે :'ગુજરાતને સીમાડા નથી.'ગુજરાત' એક જીવંત અને જાગૃત વ્યક્તિ છે.જે પોતાને એક કલ્પનામાં,પોતાનું અસ્તિત્વ એક દૃઢ સંકલ્પ દ્વારા સમજવામાં જીવન સાફલ્ય સમજે છે. જ્યાં ગુજરાતીઓ 'ગુજરાત' છે ને રહેશે એવી નિર્ણાયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસતી છે.' કવિ ખબરદાર કહે છે :

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત,
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત.

ભારત દેશની સ્વતંત્રતા અને ભાગલા પછી સરકારે પશ્ચિમ ભાગમાં રજવાડાંઓને ભેગાં કરી ત્રણ રાજ્યોની રચના કરી હતી.આ રાજ્યો સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ હતાં.ઈ.સ.૧૯૫૬ના વર્ષમાં મુંબઈ રાજ્યનો વિસ્તાર કરીને કચ્છ,સૌરાષ્ટ્ર અને હૈદરાબાદ તથા મધ્યપ્રદેશના કેટલાક ભાગો એમાં ઉમેરવામાં આવ્યા હતા. તેને બૃહદ મુંબઈ રાજ્ય નામ અપાયું હતું. આ નવા રાજ્યમાં ઉત્તર ભાગમાં ગુજરાતી બોલતા લોકો અને દક્ષિણ ભાગમાં મરાઠી બોલતા લોકો હતા.મહાગુજરાત આંદોલન અને અલગ રાજ્યની માંગણી પછી ૧મે,૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના બે ભાગ મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે કરવામાં આવ્યા. મહાગુજરાત આંદોલન જીતીને ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં ઈંદુલાલ યાજ્ઞિકનું મહત્વનું યોગદાન રહ્યું છે. છ દાયકા ઉપરાંતની ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવા ઉત્સાહ સાથે ઈંદુલાલે ગુજરાતમાં યાત્રા કરી મહા ગુજરાત આંદોલનને વેગ આપવા લોકોને એક કરી જાગૃત કર્યા હતા.

કરાંચી ખાતે યોજાયેલી એક સભામાં 'મહાગુજરાત'નો વિચાર કનૈયાલાલ મુનશી રજુ કર્યો હતો.

વર્ષ ૧૯૫૬ માં સ્ટેટ્સ રીઓર્ગેનાઈઝેશન એકટ દ્વારા રાજ્યોની સીમા નક્કી કરવામાં આવેલી તે સમયે એક બોમ્બે રાજ્ય હતું, જેમાં ગુજરાતી, કચ્છી, મરાઠી અને કોંકણી ભાષા બોલનારા લોકો વસતા હતા.ગુજરાતી અને કચ્છી બોલનારા લોકોનું એક અલગ રાજ્ય હોય તેવી માંગ સાથે મહાગુજરાત આંદોલન થયું હતું. અમદાવાદ ખાતે થયેલા આ આંદોલનમાં અમુક વિદ્યાર્થીઓએ પોતાનો જીવ પણ ગુમાવ્યો હતો. આંદો લનમાં શહીદ થયેલા વિદ્યાર્થીઓની સ્મૃતિમાં લાલ દરવાજા પાસે શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે.

આરપાર
રાઘવજી માધડ

ગુજરાત મે ૧,૧૯૬૦ના મંગલ પ્રભાતે દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી વિભાજીત થઈને ગુજરાતી ભાષા બોલાતી પ્રજાની આકાંક્ષાઓની પરીપૂર્તિ માટે ગાંધી મૂલ્યોના પ્રતિક જેવા પૂજ્ય રવિશંકર મહારાજના વરદ હસ્તે, એમના આશીર્વાદ સાથે ગુજરાતના સ્વતંત્ર રાજ્યનો શુભારંભ થયો હતો.નવા રાજ્યનું ઉદ્ઘાટન સામાન્ય રીતે રાષ્ટ્રપ્રમુખ અથવા વડાપ્રધાન દ્વારા કરવામાં આવતું હોય છે પણ ગુજરાતમાં આ સમયે એક નવી પ્રથાની શરૂઆત થઈ. ગુજરાત રાજ્યનું ઉદ્ઘાટન સાબરમતી આશ્રમમાંથી મુકસેવક રવિશંકર મહારાજે કર્યું હતું.તેઓએ નવા અવતારમાં ગુજરાતને આશિર્વાદ આપ્યા હતાં. ગુજરાતનું પ્રથમ પાટનગર અમદાવાદ હતું.૧૯૭૦માં નવા બનાવેલા શહેર ગાંધીનગરમાં રાજધાની ખસેડવામાં આવી હતી.ગાંધીના ગુજરાતે હંમેશા દેશને દિશા બતાવી છે.ગુજરાતના રીત-રીવાજો,સાહિત્ય,આધ્યાત્મિક સ્થાનો,પ્રાકૃતિક ને ઐતિહાસિક સ્થળો સમેત સાંસ્કૃતિક વિરાસત ગુજરાત પાસે અદભૂત છે. કચ્છનો ઉલ્લેખ કરીએતો રણ,ડુંગરાને દરિયો એક જ પ્રદેશમાં હોય એવું ભાગ્યે જ બને !

ગુજરાત જ્યારે રજવાડાંઓમાં વહેંચાયેલું હતું ત્યારે સમગ્ર ભારતમાં સૌથી પહેલું પોતાનું રાજ્ય સમર્પિત કરી દેનારા મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગુજરાતી હતાં.ભગવતસિંહજીનો ભગવદ્ ગો મંડળ આજે પણ ગુજરાતી શબ્દકોશ તરીકે પ્રથમ સંદર્ભિત ગ્રંથ છે.વલ્લભભાઈ અખંડ ભારતના શિલ્પી કહેવાયા. મહારાજા સયાજીરાવ ગાયકવાડે કલા-શિક્ષણ-સંસ્કૃતિ માટે ખૂબ કરેલું પણ જે સમયે અસ્પૃશ્યતા ચરમ સીમાએ હતી તેવા સમયે ડૉ.ભીમરાવ આંબેડકરને શિષ્યવૃત્તિ આપી પરદેશ ભણવા મોક લ્યાં હતાં.સાધુ મહર્ષિ અરવિંદ ઘોષને ક્રાંતિકારી પ્રવૃત્તિની જાણ છતાં તેઓને નોકરીએ રાખેલાં. હેમચંદ્રાચાર્ય જેવા સાધુએ ગુજરાતી વ્યાકરણનો ગ્રંથ તૈયાર કર્યો હતો.મૂકસેવક રવિશંકર મહા રાજે ભટકેલા લોકોને માર્ગ પર પાછા લાવવાની સેવા કરી હતી.પૂ.મોટાએ મૌન મંદિર સ્થાપ્યું હતું.સ્વામી દયાનંદ સરસ્વતી જેમણે આર્ય સમાજ રચ્યો હતો.આમ અનેક વીર-વિભૂતિઓ,મહાપુરુષો થકી ગુજરાત બહુરત્ના વસુંધરા રહી છે.

છેલ્લે :

આ વિગતો ઈતિહાસ આધારિત છે. ઈતિહાસ હંમેશા રચાતો હોય છે. તોડીજોડીને ઊભું કરવામાં આવે તેને ઈતિહાસ કહેવાતો નથી !

http://raghavjimadhad.blogspot.com, mo. 94270 50995

દિન મહિમા

- ગુજરાત સ્થાપના દિન
- આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ

આજનું

ઔષધ

- હળદર અને લવીંગને પાણીમાં ઘસીને પાંપણ પર લગાડવાથી ત્રણ દિવસમાં આંજણી મટી જાય છે.

ખડખડાટ

- કનુ : મારે ચાર દીકરા છે. પહેલો એમબીએ છે. બીજો એમસીએ છે. ત્રીજો પીએચડી છે. ચોથો ચોર છે.
  મનુ : તો ચોરને ઘરમાંથી કાઢી કેમ થી મૂકતો !
  કનુ : એ જ તો કમાય છે બાકીના બેરોજગાર છે.

આજનો

વોટ્સએપ

- આવતીકાલની પ્રગતિ અને સલામતિનો આધાર તમારી આજની પ્રવૃત્તિ પર છે.

હું મને ગમું છું... અકબર-બિરબલની વારતામાં...

ગઈકાલે મોંડી રાત સુધી યુક્રેન-રશિયાની લડાઈમાં કોનો વાંક છે એ નક્કી કરવામાં ભારે ઝગડો થઈ ગયો એટલે છગનલાલને પુરતી ઉંઘ ના મળી. ત્યાં અચાનક જ એક વ્હોટએપ મેસેજ આવ્યો કે આજે આપણા નગરના ટાઉનહોલમાં અકબર-બીરબલની વાતો કહેવા ડાહ્યાભાઈ ડહાપણવાળા આવવાના છે. આ ડાહ્યાભાઈનું સરકારી અધિકારી જેવું છે. એ કોઈને પણ સલાહ આપી શકે એવું જ્ઞાન કહેતાં નોલેજ ધરાવે છે. છગનલાલ આવા કાર્યક્રમોમાં શોભા વધારવા માટે આવતા-જતા રહેતા. ડાહ્યાલાલ એમના ગમગીન ઝભ્ભામાં હતા, કદાચ એમના ઈગો પર હુમલો કરવા માટે પડોશમાં રહેતા કવિ-ચન્દ્રગામીએ બે-ત્રણ કવિતાઓ સંભળાવી દીધી હશે એના લીધે એમના ઝભ્ભા પરની કરચલીઓ એમના ચહેરા પરની કરચલીઓ કરતાં વધારે બોલકી હતી. એમના માથા ઉપર બચેલા થોડા વાળ એ એમનામાં બચેલા ડહાપણની ચાડી ખાતા હતા. સંગીતના કાર્યક્રમોમાં પણ સંગીતકારનો પરિચય આપવા માટે લાંબુ પ્રવચન કરી શકતા સંગીતાબેન ટુંકમાં ડાહ્યાલાલનો પરિચય આપ્યો. ડાહ્યાલાલે પ્રવચન એક અકબર-બિરબલની નાનકડી વારતાથી શરું કર્યું..

દરબાર ભરાયો હતો સૌ પોતપોતાના હોદ્દાઓ પ્રમાણે ચઅને એને પોષતા ઈગો સાથે પાઘડીઓ પહેરી બેઠા હતા, ત્યારે અકબરે બિરબલને કહ્યું, ' આજે મારે તને એક વિનંતી કરવાની છે... ' બિરબલે એની 'ટિપીકલ' નમ્રતાથી (પણ આજકાલ ચલણમાં છે એવી ખુશામતભરી નમ્રતાથી નહીં) કહ્યું, 'કહો, જહાંપનાહ ! આપની વિનંતી શિરોધાર્ય... ' અકબરે જણાવ્યું, 'હે બિરબલ ! આજ સવારથી તમારી અપાર બુધ્ધિશક્તિનું સ્મરણ કરતો હતો, આવતા અઠવાડીયે મારો જન્મદિવસ છે, આજે મારે તમારી પાસેથી એવી ભેટની સામેથી માંગણી કરવી છે.. તમે મને એવી ભેટ લાવી આપો જે કાયમ માટે મને ખુશ રાખી શકે, અને જુની થતાં પણ મને ગમતી રહે... '.

બિરબલે ફરીથી નમ્રતા સાથે થોડો સમય માંગ્યો, 'મહારાજ ! એકાદ બે દિવસમાં આપની ઈચ્છા મુજબની ભેટ શોધી લાવીશ... મને એ માટે અનુમતિ આપો.. !!' બધાને એમ હતું બિરબલ બધા મોલ અને શોપિંગ સેન્ટર્સમાં જશે અને કોઈ વસ્તુ એવી શોધી કાઢશે. પણ બિરબલ જેનું નામ... એ તો એકાદ દિવસ ઘરમાં જ રહ્યો, ગહન ચિંતન કર્યું, અને ત્રીજા દિવસે સવારે વહેલા બઝારમાં જઈને કોઈ વસ્તુ ખરીદી એક મોટી થેલીમાં મુકીને દરબારે પહોંચ્યો.

અકબરે બિરબલને એકદમ શાંતમુદ્રામાં જોતાં પુછ્યું, 'તમને ભેટ લાવ્યાનો કે ઉત્તર મળી ગયાનો કોઈ ઉમળકો દેખાતો નથી ! હે બિરબલ, એવું શું છે જે મને જીવનભર ગમ્યા કરશે ?' બિરબલે પોતાની થેલી આપતાં કહ્યું, 'આપ જ જોઈ લ્યો.. !!!'

અકબરે થેલીમાંથી એક ફોટોફ્રેમ આકારની એ ભેટને ખોલી અને જોયું તો એ એક દર્પણ હતું...

બિરબલે કહ્યું, 'યસ ! મહારાજ ! તમે આખી જિંદગી આમાં તમારો ચહેરો જોશો.. અને તમને આખી જિંદગી તમને તમારો ચહેરો ગમશે... તમે ઘરડા હશો ત્યારે અને તમે નિરાશ હશો ત્યારે પણ !!'

'અદભુત..!' અકબરે કહ્યું, 'પણ તમે સમજાવો એવું શું કારણ છે કે માણસને પોતાનો ચહેરો હમેશાં ગમતો હોય છે.'

બિરબલે એની વિશેષ શૈલીમાં કહ્યું, 'માણસજાત આ આત્મમુગ્ધતાના વરદાન સાથે જન્મી છે પણ દરેકને પોતાને ગમવાના કારણો અલગ અલગ હોઈ શકે, આ કારણો સાત્વિક, રાજસિક કે તામસિક હોઈ શકે.' સભામાં બેઠેલા છગન પ્રજાતિના દરબારીઓ બગાસા ખાવાની તૈયારીમાં હતા ત્યારે બિરબલને ખ્યાલ આવી ગયો કે રાજાનો જવાબ મારે જુદી રીતે આપવો પડશે..'

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

બિરબલે કહ્યું, 'મહારાજ, આપણા નગરના એક ખુબ જ માથાભારે માણસને પોતાનો ચહેરો ગમે છે એ એનો અહં છે જ્યારે આપણા નગરની બહાર આવેલા આશ્રમમાં રહેતા મહાત્માને પોતાનો ચહેરો વધારે ગમે છે તેનું કારણ એમની જાગૃતિ છે, એમને 'અહં બ્રહ્માસ્મિ કે શિવોઈહમ' જેવા મંત્રોના ગહન અર્થો સમજાઈ ગયા છે... તો સોશિયલ મીડિયાના જમાનાને કારણે 'એટેન્શન સાયકોલોજીકલ ડિસઓર્ડર' થી પીડાતા લોકો અકારણ પોતાના વખાણ કર્યા કરતા હોય છે...' એક એમબીએ થયેલા નાગરિક સંગઠનના પ્રમુખે પોતાની ટાઈ સીધી કરતાં પુછ્યું, 'બિરબલ, તમારું નિવેદન વધારે પડતું થિયરી ભર્યું છે, તમે અમને સમજ પડે એ માટે સ્વોટ એનાલિસિસ જેવી ટેકનીકના માધ્યમથી સમજાવો...

બિરબલે પોતાના માટે કોઈ પ્રકારનું ગૌરવ અનુભવ્યા વગર સ્વોટ એનાલિસિસ રજુ કર્યું.... હા, સ્વોટ એનાલિસિસ કરવાથી મનુષ્યને પોતાની શક્તિઓ, મર્યાદાઓ, ઉપલબ્ધ તક અને અસલામતીઓનો ખ્યાલ આવે છે. જુઓ, કેટલાક ઉદાહરણ સાથે આ સ્વોટ સમજાવું... સ્ટ્રેંથ... મારા જેવો ભારેખમ વ્યક્તિ મારા શેઠને ક્યાંથી મળે, હું ખુબ આત્મવિશ્વાસ સાથે જુઠું બોલી શકું છું..

વીકનેસ... મારી વીકનેસ મારી આત્મપ્રીતિ છે, મેં મારી નજરને એટલી બધી કેળવી છે કે મને મારી વીકનેસ દેખાય જ નહીં, મેં નાનપણમાં જ કાન વીંધાવી લીધા છે જેથી કોઈ આવતીકાલે હું કાચા કાનનો કે કાણા કાનનો માણસ નથી એવું કહી ના શકે.

ઓપર્ચ્યુનીટી... જો મારી સાથે રહેશો તો અનેક ઑપર્ચ્યુનીટી મળવાની શક્યતા છે કારણ કે હું ગમે તે રાજકારણીને જીતી શકું છું, એમને ઉલ્લુ બનાવવાની કલા મને હસ્તગત થઈ ગઈ છે...

થ્રેટ... મને તો કોઈ ભય કે થ્રેટ જેવું દેખાતું નથી, પણ આવતીકાલે, સતયુગ જેવું આવી જાય તો આપણા જેવાઓને તકલીફ પડી શકે.'

બિરબલ એની મ્યુનિસિપલ નળમાં પાણી આવે એવી ગતિથી વહેતી વાણી ચાલું રાખી એ પણ એની એકપ્રકારની જાત સાથેની પ્રીતિ જ હતી.. પણ છેલ્લે અકબરે... દર્પણ પોતાની પાસે લીધું અને પોતાનો ચહેરો જોયો, જરા પ્રયત્નપૂર્વક એમના ઓછાવાળ વાળા માથા પર હાથ ફેરવ્યો.. અને ગૌરવથી એક લૂક' આપ્યો, જાણે કે જણાવ્યું, 'હું મને બહુ ગમું છું...

ગુજરાત એટલે સંસ્કાર, સંસ્કૃતિ, સમૃધ્ધિ અને વિકાસની ભૂમિ

ગુજરાત સ્થાપના દિન – ૨૦૨૨ અનેક દ્રષ્ટીકોણથી યાદગાર બની રહેશે

ગુજરાત એ સંસ્કાર સાથે પડકારની ભૂમિ પણ છે. ગુજરાત પ્રત્યેક ગુજરાતીઓના હૃદયના ધબકારની ભૂમિ છે. ગુજરાતના પડકારો, સંસ્કારો અને ધબકારો આજે વિશ્વ સમસ્ત મહેસૂસ કરી રહ્યું છે. ગુજરાત એટલે શિક્ષણ, વિજ્ઞાન, સર્જન, તબીબી અને ઈજનેરી કૌશલ્યના તમામ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરીને ગર્વથી માથું ઊંચું કરીને દેશ અને દુનિયાને તેની વિકાસના દહાડ સંભળાવતો અદકેરો પ્રદેશ છે. ગુજરાતે સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની આગવી પહેચાન વિશ્વને કરાવી છે. ચક્રવર્તી ગુર્જરો પુસ્તકમાં કનૈયાલાલ માણેકલાલ મુનશી લખે છે કે, "જે પ્રદેશની સીમા ઉત્તરે આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહિને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યારબાદ દમણગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ 'ગુજરાત' નામે ઓળખાવા લાગ્યો." ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવા આગોવાનોએ ઓગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર-ચાર વર્ષ સંઘર્ષમય અહિંસક લડત આપ્યા બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાયો.

ગુજરાત સ્થાપના દિને એ ઉલ્લેખ કરવો સાહજિક બને કે, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના રૂપમાં આજે એક સરળ, સહજ અને સાલસ સ્વભાવના મૃદુ અને મક્કમ જનનાયક ગુજરાતને મળ્યા છે. વિના વિલંબે મક્કમતાથી લોકોને સ્પર્શતા નિર્ણયો લેવાની એમની કુનેહનો આજે સમગ્ર ગુજરાતને પરિચય થઈ રહ્યો છે. માનવ માત્ર પ્રત્યેની તેમની સંવેદનાને સૌ કોઈ બિરદાવી રહ્યું છે. લોકોની વચ્ચે જઈને, લોકોના બનીને તેઓ લોકોના પ્રશ્નો મુદ્દાથી સાંભળે છે અને તેના ત્વરિત નિવારણ માટે મક્કમ નિર્ણયો લે છે. તેમણે સમાજના તમામ વર્ગના અને વય જુથના લોકો અને તમામ વ્યવસાયના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. ખેડૂત હિતલક્ષી નિર્ણયો હોય કે મહિલા સશક્તિકરણની વાત હોય, યુવાનોનો વિકાસ હોય કે સ્વાસ્થ્ય સુરક્ષાના કાર્યો હોય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સાલસ સ્વભાવ અને કામ કરવાની ધગશને સૌ કોઈ આવકારી રહ્યાં છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની છબી એક મક્કમ અને મૃદુ મુખ્યમંત્રી તરીકે ઉભરી આવી છે. સાડા છ કરોડ ગુજરાતીઓને વિકાસયાત્રામાં જોડીને એમણે જનહિતના કાર્યો માટે વ્યાપક જનશક્તિને જોડી છે. તેમના જન સામાન્ય માટેના નિર્ણયોની ગુજરાતના દરેક વર્ગ, દરેક સમાજ અને દરેક વય જૂથમાં સકારાત્મક અસરો થઈ રહી છે.

ખેડૂતહિતલક્ષી મક્કમ નિર્ણયો લઈને આજે ધરતી પુત્રોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકશાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. ગુજરાતના ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ખેતરમાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઉભા કરવાના કિસ્સામાં ખેડૂતોને અપતા ૭.૫ ટકા આર્થિક વળતરને બમણું કરીને ૧૫ ટકા કરવામાં આવ્યું છે. ધરતીપૂત્રોને રવિ તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવી યોજનાની બજેટમાં જાહેરાત કરી છે જેનાથી બંને ક્ષેત્રોમાં ૮ થી ૧૦ હજાર કરોડનું ધિરાણ મેળવી શકાશે. ખેડૂતોની આંગળીના ટેરવે વિશ્વ સમસ્ત આવે અને ખેડૂતોને ખેતઉત્પાદનનું યોગ્ય બજાર પ્રાપ્ત થાય તે માટે સમાર્ટ ફોન ખરીદી અર્થે ફોનની કિંમતના ૪૦ ટકા અથવા રૂપિયા ૬૦૦૦ની સહાય આપવામાં આવે છે. ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના શરૂ કરી. જેના માટે ૫૦૦ કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરી છે.

નારી શક્તિનું સન્માન આપી મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મહિલાઓના સશક્તિકરણ માટે આ વર્ષના બજેટમાં ૪૨ ટકાનો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ જેન્ડર બજેટ હેઠળ ૮૯૧માંથી ૧૭૮ યોજનાઓ માત્ર મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્યાન્વિત. "એક હજાર દિવસની સંભાળ – સ્વસ્થ રહે માતા અને બાળ" આ મંત્ર સાથે સુપોષિત માતા – સ્વસ્થ બાળ યોજના શરૂ કરી છે. જેમાં સગર્ભા અને ધાત્રી માતા તથા બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે એક હજાર દિવસ સુધી પ્રતિ માસ ૧ કિલો તુવેર દાળ, ૨ કિલો ચણા અને ૧ લિટર ખાદ્ય તેલ વિના મુલ્યે આપવામાં આવશે. જે માટે બજેટમાં ૮૫૦ કરોડ રૂપિયાની માતબર રકમની ફાળવણી કરી છે. આદિ